# કોરોનાને પગલે સાબરકાંઠામાં અગમચેતીના પગલા લેવાયા

## કલેક્ટરે જાહેરનામુ બહાર પાડ્યું : મોલ, થિયેર સહિત શૈક્ષણિક સંસ્થાઓ બંધ : એસટી નિગમ દ્વારા બસોની સાફસફાઈ કરાઈ

હિંમતનગર, તા. ૧૬
ચીનમાંથી ફેલાયેલા કોરોના વાયરસને લઈને દુનિયાના અનેક દેશોમાં ભય વ્યાપી ગયો છે. ત્યારે ભારતમાં પણ તેને મહામારીના રોગ તરીકે જાહેર કરી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા અનેક અગમચેતીના પગલા લેવાઈ રહ્યા છે. જેના અનુસંધાનમાં સોમવાર તા. ૧૬ માર્ચથી ૨૯ માર્ચ સુધી શૈક્ષણિક સંસ્થાઓ, મોટા મોલ અને થિયેટરોને બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેને પગલે સાબરકાંઠાના કલેક્ટરે તરત જ જાહેરનામુ પ્રસિદ્ધ કરીને તેનો અમલ કરવા માટે અમલી અધિકારીઓને તાકીદ કરી છે જેની અસરો સોમવારે સાબરકાંઠા જિલ્લામાં જોવા મળી હતી.

કોરોના વાયરસને લઈને રાજ્ય સરકારે રવિવારે સાંજે તમામ શૈક્ષણિક સંસ્થાઓ, થિયેટરો મોટા શોપીંગ મોલ તા. ૨૯ માર્ચ સુધી ફરજીયાત બંધ રાખવાના આદેશ કર્યા છે જેને લઈને સોમવારે હિંમતનગર સહિત જિલ્લાના વિવિધ સ્થળે આવેલી તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ કાર્ય ૧૫ દિવસ માટે મૌકુફ કરી દેવાયુ છે. જિલ્લા કલેક્ટર સી.જે. પટેલે પ્રસિદ્ધ કરેલા જાહેરનામા બાદ હિંમતનગરના પોલોગ્રાઉન્ડ વિસ્તારમાં આવેલ અંબર સિનેમા તથા મોતીપુરાની મલ્ટીપ્લેક્ષ થિયેટર બંધ રહ્યું હતું.





તા. ૨૯ માર્ચ સુધી જાહેરનામાનો કડક અમલ કરાશે ત્યારે ખાસ કરીને શાળા કોલેજોમાં ભણતા બાળકો સહીત વિદ્યાર્થીઓને જાણે કે મીની વેકેશન મળી ગયુ હોય તેમ તેઓ આનંદવિભોર બની ગયા છે. ઉત્તર ગુજરાત યુનિ. સંલગ્ન કોલેજોમાં લેવાનાર તમામ પરીક્ષાઓ મૌકુફ કરી દેવાઈ છે. દરમિયાન સોમવારે સાબરકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનો એક પણ શંકાસ્પદ કેસ નોંધાયો ન હોવાનું આધારભૂત સૂત્રોમાંથી જણાવાયું હતું.

કોરોના વાયરસના ભયને લીધે ગામડાઓમાં રહેતા લોકો પણ જાગૃત થઈને જરૂર સિવાય શહેરમાં આવવાનું ટાળી રહ્યા છે. સરકારના આદેશ બાદ ગુજરાત રાજ્ય એસટી નિગમ સંચાલિત હિંમતનગર ડીવીઝનમાં પણ બસોની સાફ સફાઈ શરૂ કરી દેવાઈ હતી જે મુજબ સોમવારે હિંમતનગર ડીવીઝનની અંદાજે ૬૦૦ બસો પૈકી ૩૭૦ બસોને ધોઈને સાફ કરી રૂટ પર મોકલાઈ હતી એમ ડીવીઝનલ મેનેજર ગોસ્વામીએ એક વાતચીતમાં જણાવ્યું હતું.

## મહેસાણા જિલ્લાના તમામ ૧૭૯૬ આંગણવાડી કેન્દ્રો વીજ સુવિધાથી સુસજ્જ

વિધાનસભા ગૃહમાં આંગણવાડી કેન્દ્રોના વીજ કનેકશન સંબંધી પૂછાયેલ પ્રશ્નનો ઉત્તર આપતા મહિલા અને બાળ કલ્યાણમંત્રી વિભાવરીબેનએ જણાવ્યું હતું કે, તા.૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની તમામ ૧૭૯૬ આંગણવાડીઓ વીજ કનેકશનની સુવિધાથી સજ્જ છે.

મંત્રીશ્રી વિભાવરીબેન દવેએ પૂછાયેલા પુરક પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા જણાવ્યુંહતું કે રાજ્ય સરકાર આંગણવાડી બહેનો માટે સંવેદનશીલ છે. રાજ્ય સરકારે તાજેતરમાં જ રાજ્યની ૫૩ હજાર આંગણવાડી બહેનોના માનદ વેતનમાં વધારો પણ કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા નવી આંગણવાડીને ટ્યુબલાઈટ, પંખા જેવી સુવિધા પૂરી પાડવા સહાય આપવામાં આવે છે. જ્યારે પોતાનું મકાન ધરાવતા આંગણવાડી કેન્દ્રને વીજ સુવિધા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાય ચૂકવવામાં આવે છે.



## પ્રાંતિજ ખાતે વૈદિક યજ્ઞ યોજાયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ શ્રી મહાકાલી રાધલમાઈ મંદિર ખાતે વૈદિક યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સિંધી સમાજના ભાઈઓ બહેનો સહિત અન્ય સમાજના ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહી વૈદિક યજ્ઞનો લાભ લીધો હતો. પ્રાંતિજ ખાતે ૧૧ કુંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રોઝડ ખાતે આવેલ આર્ય વન આશ્રમના શીતલબેનજી દ્વારા યજ્ઞના મુખ્ય યજમાન કમલેશભાઈ કિંમતાણીની અને સુશીલ કટલરી એન્ડ ગ્રાફિક શોપ પ્રોવિઝનના ઉપક્રમે પ્રાંતિજ ખાતે કોરોના વાયરસથી બચવા માટે વૈદિક યજ્ઞનું આયોજન પ્રાંતિજ ભાખરીયા બસસ્ટેન્ડ ખાતે આવેલ શ્રી મહાકાલી રાધલ માઈ મંદિર ખાતે યોજાયું હતું જેમાં પ્રાંતિજ ખાતે રહેતા સિંધી સમાજના ભાઈઓ બહેનો સહિત અન્ય સમાજના લોકોએ પણ ઉપસ્થિત રહીને લાભ લીધો હતો. ૧૧ કુંડી યજ્ઞ પર્યાવરણ પ્રકૃતિને લઈને આ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. કોરાના વાયરસ નાસ થઈ શકે છે અને આ યજ્ઞમાં દેશી ગાયના ઘી ની આહુતિ આપવામાં આવે તો દસ હજાર ટન વાતાવરણ શુધ્ધ થાય છે જેને લઈને હાલ કોરોનાની મહામારીને દુર રાખે છે અને તેનાથી બચવા શ્રેષ્ઠ ઉપાય છે અને આ યજ્ઞનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું.

# વાત્રક નદીના કિનારે જંગલ વિસ્તારમાં સ્પેનિશ કપલના સંપર્કમાં આવેલા લોકો આરોગ્ય વિભાગના ઓબ્જર્વેશન હેઠળ

મોડાસા, તા. ૧૬
અરવલ્લીના માલપુર પંથકના રૂઘનાથપુરા ગામ નજીકથી વાત્રક નદી પસાર થાય છે. આ નદીકાંઠાના જંગલમાં એક સ્પેનીશ કપલ ચાર દિવસ રહસ્યમઈ રીતે રોકાતાં અને તંત્ર આ પ્રકરણે તદન અજાણ હોવાથી ભારે ચકચાર હતી આ અંગેના સમાચાર વિવિધ સમાચાર પત્રોમાં પ્રસિદ્ધ થતા વહીવટીતંત્ર, આરોગ્યતંત્ર અને પોલીસતંત્ર હરકતમાં આવ્યું હતું. ભારત ભ્રમણે આવેલું સ્પેનિશ કપલ તો ગોવા જવા રવાના થઈ ગયું હતું ત્યારે ''ઘોડા છૂટી ગયા પછી તબેલાને તાળા મારવા'' જેવો ઘાટ સર્જાતા હાલ આરોગ્ય વિભાગતંત્ર સ્પેનિશ કપલના સંપર્કમાં આવેલા લોકોને આરોગ્ય વિભાગ તંત્રે સર્વેની કામગીરી હાથ ધરી સ્પેનિશ કપલના સંપર્કમાં આવેલા લોકોને ૧૪ દિવસ સુધી ઓબ્જર્વેશનમાં રાખવામાં આવ્યા છે.



એક તરફ કોરોના વાયરસે કહેર મચાવ્યો છે. ચીનથી શરૂ થયેલા આ ચેપીરોગ વિશ્વના ૧૧૦થી વધુ દેશાને સંકજામાં લઈ ફફડાટ સર્જી દીધો છે. ત્યારે રાજય સરકાર દ્વારા પણ આ રોગ સામે જરૂરી અટકાયતી પગલા ભરવામાં આવી રહયા હોવાના દાવા કરાઈ રહયા છે. દેશના એરપોર્ટ અને બંદરો ઉપર થર્મલ સ્કીનિંગ હાથ ધરાયું છે. અને વીઝા રદ કરવા જેવાના પગલા આ કોરોના વાયરસને લઈ ભરવામાં આવી રહયા છે. રાજયના આરોગ્ય વિભાગ દ્વારા જારી કરાયેલ ગાઈડલાઈન મુજબ ચાઈના, હોન્ગકોંગ, થાઈલેન્ડ, ઈટલી, અને સ્પેન સહિતના ૧૫ દેશોમાંથી આવતાં દેશવાસીઓનું મેડીકલ પરીક્ષણ હાથ ધરી ૧૪ દિવસ સુધી ઓબઝર્વેશન માં રાખવામાં આવી રહયા છે અને આવા કોઈપણ વ્યક્તિ કે જે વિદેશમાંથી આવતો હોય તે અંગે તંત્રને જાણ કરવાના આદેશો પણ કરાયા છે. ત્યારે સ્પેનિશ કપલના માલપુરના રૂઘનાથપુરાના વાત્રક ડેમ નજીક ૪ દિવસ રોકાણ કરી રવાના થતા દરવાજે ડૂચા અને ખાળ ઉઘાડા જેવી વિચિત્ર પરિસ્થિતિ અરવલ્લી જિલ્લાના માલપુર પંથકમાં સર્જાતાં સૌ કોઈ ચોંકી ઉઠયા છે અને સબ સલામતની બાંગ પોકારી રહેલ તંત્રની કામગીરી કે કાર્ય પધ્ધતિ સામેજ સવાલો ઉઠયા હતા.



માલપુર તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.ગોસ્વામી અને તેમની ટીમે સ્પેનિશ કપલની સંપર્કમાં આવેલા રૂઘનાથપુરા ગામના ગ્રામજનોનો સંપર્ક કરી સમગ્ર વિસ્તારમાં સર્વેની કામગીરી હાથધરી સ્પેનિશ કપલના સંપર્કમાં આવેલા લોકોને ઓબ્જર્વેશન હેઠળ રાખવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

માલપુર તાલુકાના રૂઘનાથપુરા ગામની સીમમાંથી વહેતી વાત્રક નદી કાંઠાના જંગલમાં સ્પેનથી આવેલ એક કપલ રહસ્યમઈ રીતે ચાર દિવસ આ ગાઢ જંગલમાં રોકાયું હતું. ચાર દિવસના રોકાણ બાદ આ સ્પેનિશ કપલ રવાના થઈ રહયું હતું. ત્યારે જ તેઓની ટ્રાવેલર બેન્ઝ ગાડી નદીના કાદવમાં ફસાતાં આ વિદેશીઓને અન્યની મદદની જરૂર પડી અને વન વિભાગના કર્મીઓની મદદથી આ વાહન કાદવમાંથી બહાર નીકળી હતી.

# પ્રાંતિજ ખાતે રંગીન ફલાવરની ખેતી

પ્રાંતિજ, તા. ૧૬
સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં ફલાવરની ખેતી કરતા ખેડૂતે સફેદ ફલાવરની સાથે આ વર્ષે રંગીન ફલાવરની ખેતી કરવામાં આવી છે તો હોલસેલ બજારમાં હાલ રંગીન ફલાવર એક નંગ ૨૫ રૂપિયામાં વેચાય છે તો મોલો તથા છુટક બજારમાં ૪૦થી ૫૦ રૂપિયામાં એક નંગ વેચાય છે.



પ્રાંતિજ સહિત તાલુકામાં ફલાવરની ખેતી એ પ્રચલિત છે અને પ્રાંતિજ સહિત તાલુકામાં સફેદ ફલાવરની ખેતી પુષ્કર પ્રમાણ પણ થાય છે અને માંગ પણ છે. પ્રાંતિજથી હાલ સફેદ ફલાવર રોજનું ૧૨૦૦ ટન ગુજરાતના અમદાવાદ, વાપી, સુરત, બરોડા, સહિત અન્ય રાજ્યોમાં દિલ્હી, મુંબઈ, રાજસ્થાનમાં પણ ખૂબજ માંગ છે ત્યારે સફેદ ફલાવર પકવતા આ ખેડૂતોમાંથી હાલ તો પ્રાંતિજના એક ખેડૂત કલ્પેશભાઈ જયંતિભાઈ પટેલ દ્વારા પોતાના ખેતરમાં સફેદ ફલાવરની સાથે હાલ રંગીન ફલાવરની ખેતી કરી છે અને સફેદ ફલાવરની જેમ હાલ આ રંગીન ફ્લાવર જાંબલી એટલે કે વેલેન્ટીના નામથી અને કેસરી (પીળુ) કેરોટિના નામથી અને ગ્રાન વરીયાળીના નામથી ઓળખાય છે. હાલ તો પ્રાંતિજ સહિત હોલસેલ બજારોના માર્કેટમાં એક નંગ-૨૫ રૂપિયામાં વેચાણ થાય છે અને મોલો તથા બજારમાં એક નંગ-૪૦થી ૫૦ રૂપિયામાં વેચાય છે. ત્યારે હાલ તો આ ખેડૂત દ્વારા માત્ર ફોરેનના ખેડૂતો દ્વારા કરવામાં આવતી રંગીન ફલાવર ખેતીને લઈને પોતાના ખેતરમાં અખતરો કરવા માટે ફોરેનથી રંગીન ફલાવરનું બિયારણ મગાવીને માત્ર અખતરો કરવામાં આવ્યો છે અને ગુજરાતમાં સૌ પ્રથમ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં આ રંગીન ફ્લાવરની શરૂઆત કરવામાં આવી છે. ખેડૂત કલ્પેશભાઈનું કહેવું છે કે શરૂઆતમાં અહીના માર્કેટમાં રંગીન ફલાવર વેચવું મુશ્કેલ હતું પણ હવે બજારમાં તથા મોલોમાં મુકાતા મહિલા તેના ફોટાઓ પાડે છે અને ખરીદી પણ કરે છે તો અન્ય ખેડૂતો પણ બજાર માં માંગ સાથે પોષણ ભાવ મળશે તો આવનાર દિવસ મા સફેદ ફલાવરની સાથે સાથે રંગીન ફલાવરની ખેતી તરફ વળશે તેમા કોઈ મનમેદ નથી.



**ગુજરાતમાં સૌ પ્રથમવાર રંગી ફલાવરની ખેતી પ્રાંતિજમા : પ્રાંતિજનું સફેદ ફલાવરની ગુજરાત સહિત અન્ય રાજ્યોમાં પણ બોલબાલા : ખેડૂતે ફોરનથી બિયારણ મંગાવીને વાવેતર કર્યું : હોલસેલ માર્કેટમાં એક નંગ-૨૫ રૂપિયામાં વેચાય છે**

## ડીસા નગરપાલિકા દ્વારા ઠેર ઠેર સફાઈ અભિયાન

### સ્વચ્છતા જાળવવા પાલિકા પ્રમુખની તાકીદ

ડીસા, તા. ૧૬
સમગ્ર દુનિયામાં કોરોના વાયરસને લઈને ભયનો માહોલ ફેલાયો છે. દિન પ્રતિદિન તેના દર્દીઓ વધી રહ્યા છે, હજુ સુધી તેના માટેની કોઈ જ દવા પણ શોધાઈ નથી માત્ર તેનો ચેપના લાગે તેની કાળજી રાખવી મહત્વની બાબત પુરવાર થઈ રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા તેનાથી બચવા માટેના અનેક સૂચનો અવાર નવાર કરવામાં આવી રહ્યા છે. ત્યારે ગુજરાત સરકારના આદેશના પગલે બનાસકાંઠા જિલ્લાના ડીસામાં પણ પ્રજાના આરોગ્યની બાબતનું ધ્યાન રાખીને નવનિયુક્ત પાલિકા પ્રમુખે પાલિકા હોલ ખાતે દરેક સમિતિના હોદ્દેદારો અને કર્મચારીઓ સાથે તાત્કાલિક બેઠક યોજી હતી અને તમામને સ્વચ્છતા બાબતે કડક સૂચનાઓ આપવામાં આવી હતી તેમજ શહેરમાં વધુને વધુ સફાઈ કરવા ઉપરાંત ખાણીપીણી બાબતે પણ સઘન ચેકીંગ કરવા સૂચનાઓ ફૂડ વિભાગને આપવામાં આવી હતી. ડીસા નગરપાલિકાના ઉત્સાહી પ્રમુખ કાંતિભાઈ સોનીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે જે પણ આ કાયદાનું ઉલ્લંઘન કરશે તેના સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પ્રમુખની તાકીદના પગલે શહેરમાં ઠેરઠેર સફાઈ અભિયાન સાથે જરૂરી દવાનો છંટકાવ પણ કરવામાં આવી રહ્યો છે.

# પાલનપુરમાં ડોર ટુ ડોર કચરો કલેકસનમાં લાલીયાવાડી

## પાંચ દિવસે કચરો કલેક્સન કરવા આવે છે ટ્રેક્ટર

પાલનપુર
પાલનપુરમાં કચરાના કલેક્સન માટે ટેક્ટર મારફત ડોર-ટુ-ડોર કલેકસન કરી નિકાલ કરવામાં આવે છે.પરંતુ હાબુ હાઈવે પરની સોસાયટીમાં કોકટ્રાક્ટર દ્વારા લાલીયાવાડી ચલાવી પાંચ દિવસે કચરો કલેક્સન કરવામાં આવતા સ્થાનિક રહીશોમાં રોગચાળાની ભિતી સેવાઈ રહી છે.

દેશ ભરમાં કોરોના વાયરસનો કહેર છે.સરકાર એક તરફ સ્વચ્છતા ઉપર ભાર મુકવા માટેની વાતો કરે છે.બીજી તરફ દિવા તળે અંધારૂ જેવો ઘાટ ઘડાયો છે.પાલનપુર શહેરમાં સ્વચ્છતા જળવાય રહે તે માટે પાલિકા દ્વારા એક નવો અભિગમ અપનાવવામાં આવ્યો છે.અને ખાનગી કોન્ટ્રાક્ટર મારફતે ડોર-ટુ-ડોર ટ્રેક્ટર ફેરવિ રહીશોના ઘરેથી કચરો એકત્ર કરવામાં આવી રહ્યો છે.પરંતુ કચરા કલેક્સન કરનાર સંચાલકો દ્વારા ટેકટરનું ઈધણ બચાવવા માટે હાઈવે વિસ્તારમાં પાંચ દિવસે કચરો કલેક્સન કરવા માટે આવે છે.જેના કારણે લોકોના ઘર પાસે ચાર દિવસ સુધી કચરાની ડોલો ભરેલી રહે છે.જેના કારણે સ્થાનિક લોકોમાં રોગચાળો ફેલાવાની ભિતી સેવાઈ રહી છે.કચરો કલેક્સનના સંચાલક કેટલી સોસાયટીઓમાં ગુલ્લી મારી ઈધણ બચાવી લોકોના આરોગ્ય સાથે ચેડા કરનાર સામે પાલિકાના ચિપ ઓફીસર દ્વારા લાલ આંખ કરી કડક પગલા ભરવામાં આવે તેવી લોક માંગ ઉઠી છે.



## ખેડબ્રહ્મામાં ઈન્ટર સ્ટેટ સ્કીનિગ સેન્ટર શરૂ કરાયું

ખેડબ્રહ્મા તાલુકાની રાજસ્થાન બોર્ડર પર ખેડબ્રહ્મા તાલુકા આરોગ્ય વિભાગ ધ્વારા સ્કીનિગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. ખેડબ્રહ્મા અને રાજસ્થાનને જોડતા મુખ્ય માર્ગ એવા ખેડવા બોર્ડર પરથી સૌથી વધુ મુસાફરો આવન જવાન કરતાં હોય છે જેને લઈ ખેડબ્રહ્મા તાલુકા વિભાગ ધ્વારા સોમવારથી એક સ્કીનિગ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે, જેમાં બોર્ડર પેલી બાજુ થી આવતા લોકોની તપાસ કરવામાં આવી રહી છે, આ અંગે તાલુકા આરોગ્ય અધિકારી ડો. આર.ડી.ગોસ્વામિના જણાવ્યા અનુસાર બોર્ડર પારથી આવતા લોકોની માહિતી એકઠી કરવાં આવી હઈ છે રાજસ્થાનમાં વિદેશી મુસાફર વધુ આવતા હોય કોએ તેમના સ્મપર્કમાં આવેલ હોય તો તેની માહિતી એકઠી કરવામાં આવી રહી છે અને તેની મેદકલ ઓફિસર સુધી પહોચવામાં આવી રહી છે.

## મંગળવારે મહેસાણા જિલ્લા પંચાયતનું અંદાજપત્ર રજુ કરાશે

સરદાર વલ્લભભાઈ પટેલ જિલ્લા પંચાયત ભવન મહેસાણાનું ૨૦૧૯-૨૦૨૦નું સુધારેલ અને ૨૦૨૦-૨૦૨૧નું વાર્ષિક અંદાજપત્ર તા. ૧૭ માર્ચ ૨૦૨૦ને સવારે ૧૧ કલાકે રજુ થનાર છે.